# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) 23 એપ્રિલે યોજાનાર વિધાનસભા ચૂંટણીના મતદાન માટે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પ્રચાર પડઘમ શાંત થયા
2) ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું, યુવાનો ભારતને વૈશ્વિક આર્થિક શક્તિઘરમાં રૂપાંતરિત કરવાનું પ્રેરક બળ બનશે
3) ઈરાનની અવજ્ઞા અને અમેરિકાના બદલાતા સંકેતોને પગલે યુએસ-ઈરાન વાટાઘાટો પર અનિશ્ચિતતાના વાદળો
4) હરિયાણા, દિલ્હી, પંજાબ, રાજસ્થાન અને છત્તીસગઢમાં આગામી બે દિવસ હીટવેવની આગાહી
5) IPL ક્રિકેટમાં, આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CAMPAIGNING-TN-WB

23 એપ્રિલે યોજાનાર વિધાનસભા ચૂંટણીના મતદાન માટે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પ્રચાર પડઘમ શાંત થયા છે. તમિલનાડુમાં એક જ તબક્કામાં મતદાન અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન ગુરુવારે યોજાશે. પશ્ચિમ બંગાળમાં, પ્રચારના અંતિમ દિવસે, કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે પશ્ચિમ બર્ધમાનના કુલ્ટી અને સિલિગુડીમાં રેલીઓને સંબોધિત કરી. ભાજપ નેતા રેખા ગુપ્તા આસનસોલમાં રોડ શોમાં જોડાયા. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હલ્દિયામાં જાહેર સભાને સંબોધિત કરી. કોંગ્રેસ, ડાબેરી અને અન્ય પક્ષોએ પણ રાજ્યભરમાં પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો. તમિલનાડુમાં, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આજે રાજ્યમાં પ્રચાર કર્યો. AIADMK ના મહાસચિવ, એડાપડ્ડી પલાનીસામીએ સેલમમાં જાહેર સભાને સંબોધિત કરી. TVK ના સ્થાપક, અભિનેતા અને રાજકારણી વિજયે ચેન્નાઈમાં પ્રચાર કર્યો.

# VP -INDIA VISION 2047

ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે ભારત 2047 સુધીમાં એક વિકસિત દેશ બનશે, જેમાં સમાવેશી વિકાસ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઉત્તર પ્રદેશના મેરઠમાં એક ખાનગી યુનિવર્સિટીના પદવીદાન સમારોહને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ ભાર મૂક્યો હતો કે યુવાનો ભારતને વૈશ્વિક આર્થિક શક્તિઘરમાં રૂપાંતરિત કરવા પાછળનું પ્રેરક બળ બનશે. તેમણે વિદ્યાર્થીઓને નવીનતા, સખત મહેનત અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ રહેવા પ્રોત્સાહિત કર્યા.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે પદવીદાન સમારોહ એ શૈક્ષણિક યાત્રાનો અંત નથી પરંતુ નવા લક્ષ્યો અને જવાબદારીઓની શરૂઆત છે. તેમણે વિદ્યાર્થીઓને નિષ્ફળતાથી ડરવાની જરૂર ન હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે દરેક નિષ્ફળતા મૂલ્યવાન પાઠ આપે છે અને તે વિકાસની તક હોવી જોઈએ.

# INTERMINISTERIAL BRIEFING

કેન્દ્ર સરકારે જણાવ્યું, દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય છે અને દેશભરમાં LPGની અછતના કોઈ અહેવાલ નથી. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રાલય પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ અને LPGના ભાવમાં વધારો થયો હોવા છતાં, સરકારે કોઈપણ વિક્ષેપ વિના LPGનો ઘરેલુ પુરવઠો સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે.

( BYTE : SUJATA SHARMA )

# DEFENCE- TRAWL

સંરક્ષણ મંત્રાલયે આજે લગભગ 975 કરોડ રૂપિયાના ખર્ચે T-72 અને T-90 ટેન્ક માટે TRAWL એસેમ્બલીની ખરીદી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં ભારત અર્થ મૂવર્સ લિમિટેડ અને ઇલેક્ટ્રો ન્યુમેટિક્સ એન્ડ હાઇડ્રોલિક્સ (ઇન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડ સાથે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે T-72 અને T-90 ટેન્ક માટે TRAWL એસેમ્બલી એ મહત્વપૂર્ણ ઉપકરણ છે જે ભારતીય સેનાની માઇનફિલ્ડ ભંગ કરવાની ક્ષમતામાં વધારો કરશે.

# FUR REV EVE US-IRAN TALKS

ઈરાનની અવજ્ઞા અને અમેરિકાના બદલાતા સંકેતોને કારણે ઇસ્લામાબાદમાં સંભવિત યુએસ-ઈરાન વાટાઘાટો પર અનિશ્ચિતતાના વાદળો છવાઈ ગયા છે. ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર ગાલિબફે એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે, તેહરાન ધમકીઓ હેઠળ વાટાઘાટો સ્વીકારતું નથી અને ઇસ્લામિક રિપબ્લિક યુદ્ધના મેદાનમાં નવા કાર્ડ જાહેર કરવાની તૈયારી કરી રહ્યું છે.

દરમિયાન, ઈરાનના સરકારી ટેલિવિઝને જણાવ્યું કે તેહરાનથી કોઈ પ્રતિનિધિમંડળે અત્યાર સુધી પાકિસ્તાનમાં ઈસ્લામાબાદની મુલાકાત લીધી નથી.

# INDIA-TANZANIA

ભારતે તાંઝાનિયાના દાર એસ સલામ ખાતે શ્રી હિન્દુ મંડળ હોસ્પિટલને બે ટન જીવનરક્ષક તબીબી પુરવઠો પહોંચાડ્યો છે. ભારતીય હાઈ કમિશનર બિશ્વદીપ ડે દ્વારા હોસ્પિટલના ટ્રસ્ટી કૌશિક એલ. રામૈયાને સોંપવામાં આવેલા આ પુરવઠામાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર, સક્શન યુનિટ, ઓક્સિમીટર, માઇક્રોસ્કોપ અને સ્ટેથોસ્કોપ જેવા આવશ્યક ઉપકરણો ઉપરાંત ઇન્હેલર, સિરીંજ, ગ્લોવ્સ, બેન્ડેજ અને વ્હીલચેર જેવા તબીબી વપરાશોનો સમાવેશ થાય છે. આ પુરવઠાથી હોસ્પિટલમાં નિદાન ક્ષમતા, સારવાર ક્ષમતાઓ અને દર્દી સંભાળ સેવાઓમાં વધારો થવાની અપેક્ષા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PLI SCHEME

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે ઉત્પાદન-આધારિત પ્રોત્સાહન-PLI યોજના દેશના ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રમાં વૃદ્ધિના મુખ્ય ચાલક તરીકે ઉભરી આવી છે. પ્રોત્સાહનોને વેચાણમાં વધારા સાથે જોડીને, તેણે રોકાણને પ્રોત્સાહન આપ્યું છે, ઉત્પાદન ક્ષમતામાં વધારો કર્યો છે અને ભારતીય ખાદ્ય ઉત્પાદનોની વૈશ્વિક હાજરીને મજબૂત બનાવી છે. મૂલ્યવર્ધન, MSME ભાગીદારી અને શ્રીઅન્ન આધારિત ઉત્પાદનો પર તેના ભારને કારણે સમાવેશી વૃદ્ધિમાં ફાળો મળ્યો છે.

PLI યોજના લાયક કંપનીઓને તેમના વેચાણના વધારાના આધારે નાણાકીય પ્રોત્સાહન આપીને સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને વેગ આપવા એપ્રિલ 2020માં શરૂ કરાઇ હતી.

# INS SUNAYNA- JAKARTA

ભારતીય નૌકાદળનું પેટ્રોલ જહાજ INS સુનયના આજે ઇન્ડોનેશિયાના જકાર્તા પહોંચ્યું, જે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ઇન્ડિયન ઓશન શિપ સાગર પહેલ હેઠળ તેની તૈનાતીનો ત્રીજો પોર્ટ કોલ છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 16 મિત્ર વિદેશી દેશોના બહુરાષ્ટ્રીય ચાલક દળને લઈને આ જહાજ મલક્કા અને સિંગાપોર સ્ટ્રેટમાંથી પસાર થયું હતું, જેમાં ઓપરેશનલ સંકલન અને ઉચ્ચ નેવિગેશનલ ધોરણો દર્શાવવામાં આવ્યા હતા.

# NEW TRAINS-HYDERABAD

રેલવે કનેક્ટિવિટીને નોંધપાત્ર પ્રોત્સાહન આપતા, કેન્દ્ર સરકારે હૈદરાબાદના વિવિધ સ્ટેશનોથી આઠ નવી સાપ્તાહિક ટ્રેન સેવાઓની જાહેરાત કરી છે. આ જાહેરાત કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીના સક્રિય પ્રયાસોને પગલે થઇ છે, જેમણે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે નિયમિત સેવાઓ માટેની લાંબા સમયથી ચાલતી માંગણીઓ અંગે ચર્ચા કરી હતી.

નવી ટ્રેનો કાચેગુડા, ચેરલાપલ્લી અને નામપલ્લી સ્ટેશનોથી દોડશે, જે શહેરને આંધ્રપ્રદેશ, રાજસ્થાન અને ઓડિશાના મુખ્ય સ્થળો સાથે જોડશે. પવિત્ર સ્થળોની યાત્રા કરતા ભક્તોને સૌથી વધુ ફાયદો થશે, કારણ કે આમાંથી પાંચ ટ્રેનો તિરુપતિ અને તિરુચાનુરને સમર્પિત છે. આ વિસ્તરણમાં શ્રી ગંગાનગર, જયપુર અને ભુવનેશ્વર સુધીના લાંબા અંતરના રૂટનો પણ સમાવેશ થાય છે.

# WEST ASIA-CEASEFIRE

છેલ્લા છ કલાકમાં પશ્ચિમ એશિયામાં નાજુક યુદ્ધવિરામમાં તણાવના નવા સંકેતો જોવા મળ્યા, જોકે મોટા પાયે લડાઈ ફરી શરૂ થઈ નથી. ઇઝરાયલી દળોએ દક્ષિણ લેબનોનના રહેવાસીઓને અમુક વિસ્તારોમાંથી દૂર રહેવા માટે નવી ચેતવણીઓ જારી કરી હતી. અધિકારીઓએ આતંકવાદી સ્થળો સામે લક્ષિત કાર્યવાહીની પણ જાણ કરી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર અનેક વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો અને પુષ્ટિ કરી કે અમેરિકન દળોએ નૌકાદળના નાકાબંધીના ભાગ રૂપે ખાડીમાં ઈરાની કાર્ગો જહાજને જપ્ત કર્યું છે.

# PAHALGAM ATTACK-ANNIVERSARY

ભારતીય સેનાએ આજે પહેલગામ આતંકવાદી હુમલાની પહેલી વરસીની પૂર્વસંધ્યાએ આતંકવાદ સામે લડવાના પોતાના દ્રઢ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો. ગયા વર્ષે 22 એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ 26 નિર્દોષ લોકોની હત્યા કરી હતી, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ કાયરતાપૂર્ણ કૃત્યથી દેશ હચમચી ગયો હતો અને વિશ્વભરની સરકારો અને નેતાઓએ તેની નિંદા કરી હતી. પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતીય સશસ્ત્ર દળોએ ગયા વર્ષે 6 અને 7 મેની રાત્રે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

સેનાએ સોશિયલ મીડિયા સંદેશમાં આતંકવાદના ગુનેગારોને કડક ચેતવણી આપતા કહ્યું કે જ્યારે માનવતાની સીમાઓ ઓળંગવામાં આવે છે, ત્યારે જવાબ નિર્ણાયક હોય છે. ન્યાય મળે છે. ભારત એકતામાં ઉભું છે. સોશિયલ મીડિયામાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતું ડિજિટલ પોસ્ટર પણ હતું, જેમાં સંદેશ હતો: "કેટલીક સીમાઓ ક્યારેય ઓળંગવી ન જોઈએ. ભારત ભૂલતું નથી."

# IMD- WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ માટે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ, પૂર્વ રાજસ્થાન, છત્તીસગઢ અને વિદર્ભમાં ગરમીનું મોજું રહેવાની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક અખિલ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે દેશના પૂર્વીય ભાગો, ગંગા પશ્ચિમ બંગાળ અને બિહારમાં પણ ગરમીનું મોજું જોવા મળશે.

# DAY IPL

IPL ક્રિકેટમાં, આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સનો સામનો કરશે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે સનરાઇઝર્સ હૈદરાબાદના 4 ઓવરમાં વિના વિકેટે 36 રન થયા છે.